## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



રમણિકલાલ પુરુષોત્તમદાસ વ્યાસ (૧૯૨૮)ફોન : ૨૩૨૨૩૦૮૬



કપીલાબેન ચુનીલાલ પટેલ (૧૯૩૬)ફોન : ૨૩૨૨૨૩૧૮

## કૃષિ મહોત્સવ-૨૦૧૨ની દેખરેખ માટે કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવનાર કૃષિ મહોત્સવ-૨૦૧૨ના મોનીટરીંગ માટે એક સેલની રચના કરવામાં આવી છે.

રાજ્યસરકારે કૃષિ મહોત્સવ-૨૦૧૨નું આયોજન ૨૪-૪-૨૦૧૨ થી ૨૩-૫-૨૦૧૨ સુધીના સમયગાળા માટે કરેલ છે. કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન ગામે ગામ કરવામાં આવતી કામગીરીનું ઈન્ટ્રાબેઈઝ એપ્લિકેશન દ્વારા મોનીટરીંગ કરીને રોજબરોજની કામગીરીનો રીપોર્ટ મુખ્યમંત્રી, કૃષિમંત્રી વિભાગના અગ્ર સચિવ તેમજ સરકારના સંબંધિત વિભાગમાં મોકલવા અર્થે કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના કરવામાં આવી છે.

આ સેલના કન્વિનર તરીકેની જવાબદારી પશુપાલક નિયામક ડૉ. એ. જે. કાછીઆ પટેલને સોંપવામાં આવી છે. આ અધિકારીઓ કર્મચારીઓનું નવ સભ્યોનું મહેકમ ફાળવવામાં આવ્યું છે. આ સેલ કૃષિ ભવન ખાતે કાર્યરત રહેશે. આ સેલને ફાળવવામાં આવેલ અધિકારીઓ કર્મચારીઓએ તાત્કાલિક અસરથી કૃષિ મહોત્સવ-૨૦૧૨ મોનીટરીંગ સેલ ખાતે હાજર થવાનું રહેશે. આ સેલની મુદત કૃષિ મહોત્સવની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધીની રહેશે.

આ સેલમાં ફાળવેલ તમામ કર્મચારીઓના પગાર-ભથ્થાનો ખર્ચ જે તે અધિકારી કર્મચારીના ખાતાના વડા કૃષિ યુનિવર્સિટી ખાતે પાડવામાં આવશે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન આ કેન્દ્રીય મોનીટરીંગ સેલ માટે જરૂરીયાત મુજબ પરંતુ મહત્તમ પાંચની મર્યાદામાં ડેટા એન્ટ્રા ઓપરેટર આઉટ સોર્સીંગથી રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.

એક મહિનો ચાલનારા આ કૃષિ મહોત્સવ દરમ્યાન રાજ્યના ૨૨૫ તાલુકાઓમાં કૃષિ રથો ફરશે. આ મહોત્સવ દરમ્યાન બી.પી.એલ. ખેડૂતોને વિના મૂલ્યે ખેત ઓજારો અને બીયારણોની કીટ્સનું પણ વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ રથ સાથે ગામડાઓમાં કૃષિક્ષેત્રના વૈજ્ઞાનિકો જશે અને ખેડૂતોને આધુનિક ખેતી અંગેનું માર્ગદર્શન આપશે. આ ઉપરાંત ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય તેવા પાકો અંગે પણ ખેડૂતોને માર્ગદર્શન આપીને અન્ય ખેતી તરફ વાળવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. એક માસ ચાલનારા આ કૃષિ મહોત્સવ દરમ્યાન રાજ્યના ૧૮ હજાર ગામડામાં વસતા ખેડૂતોને કૃષિ અંગે માર્ગદર્શન અપાશે.

## મોંઘવારી ને ગરમી વધતાં આમ આદમીને વધતી પરેશાની

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં અને ઉત્તર ગુજરાતમાં ગરમી અને મોંઘવારીનો આંક સતત વધી રહેલ છે. જેથી આમ આદમીને સામાન્ય જનતા પરેશાની અનુભવીને બેબાકળી બની રહી છે.

ગરમીના સીન્ટીગેડ રોકેટ ગતિએ વધે છે તેમ સીંગતેલ, ચા, ખાંડ, દૂધ-કઠોરના ભાવો તેની સાથે કદમ મિલાવી રહેલ છે. શાકભાજીના ભાવો વધતાં શ્રમજીવી વર્ગને શાક ને પાણી દોહલું બનેલ છે. આ મોંઘવારીમાં બેરોજગારી વધવા પામી છે. જેથી બેરોજગારો નશીલા / માદક વસ્તુઓની હેરાફેરીમાં જોડાઈ રહ્યા છે. મોંઘવારી તમામ ક્ષેત્રોમાં વધવાથી રોજગારીનો અભાવ આર્થિક સંકડામણથી મધ્યમ ગરીબ વર્ગના કુટુંબો જીવન ટુંકાવવા માટે મજબૂર બની રહ્યા છે.

## સમાચાર ઝલક

- નરોડા ખાતે દારૂની પાર્ટી વેળા મિત્રો વચ્ચે હિંસક અથડામણ
- વિશાલા પાસે ડ્રાયવરને માર મારીને ટ્રકની લૂંટ ચલાવાઈ
- શાહીબાગ કેમ્પ હનુમાનની ભવ્ય યાત્રાને લઈને ઉત્સાહ
- લોડીંગ રિક્ષા પલ્ટી ખાતા ચાર વર્ષના બાળકનું મોત
- ગુજરાતમાં ૫ વર્ષમાં ૫૫૬૧ ખૂન, ૨૩૮૯ જીવલેણ હુમલા
- ગુજરાતમાં એટીએમ ચોરીના બનાવોમાં ઉલ્લેખનીય વધારો
- સાણંદ-વિરમગામ હાઇવે ઉપર એસ્ટેટમાં આગ : ભારે દહેશત
- સીંગતેલ અને કપાસિયા તેલના ભાવ વધારા માટે કેન્દ્ર દોષિત
- મણીનગરમાંથી ચોરી ATM આખરે બંધ મકાનમાંથી મળ્યુ
- મેશ્વો ડેમથી નદીમાં પાણી ન છોડતા કાંઠાના ગામો તરસ્યા
- ખેતીની જમીન ભલેને ઘટી પણ ખેડૂત ખાતેદારોમાં વધારો થયો
- રાજ્યમાં ૪૨.૭ ટકા ઘરમાં શૌચાલયની સુવિધાઓ નથી
- ગુજ.યુનિ.ની પ્રથમ તબક્કાની પરીક્ષામાં ૭૦ હજાર વિદ્યાર્થી
- ગરમી વધી જતાં ઝાડા-ઉલ્ટીના કેસમાં ધરખમ વધારો નોંધાયો

## વસાહત મંડળ સે. ૩ની ૮મીએ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૩ના વસાહતીઓની એક સામાન્ય સભા તા. ૮મી એપ્રિલ-૨૦૧૨ને રવિવારના રોજ સાંજના ૫ કલાકે સેક્ટર-૩-ડીના બગીચામાં રાખવામાં આવી છે. વસાહત મંડળની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૨ના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. તેમજ ૭૫ વર્ષથી ઉપરની સિટીઝનો માટે અંબાજીના ફ્રી પ્રવાસનું પણ આયોજન કરવામાં આવશે. આ અંગેના નિયત ફોર્મ ૧૪મી એપ્રિલ-૨૦૧૨ સુધીમાં ભરી જવા જણાવાયું છે. પ્રવાસમાં ૫૨ વ્યક્તિઓને વહેલા તે પહેલાના ધોરણે લઈ જવાશે. સમગ્ર બેઠકમાં ઉપસ્થિત રહેવા સર્વેજનોને ખાસ જણાવાયું છે.

## અમદાવાદ ખાતે ડોલ પ્લાસ્ટ દ્વારા ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ-પ્લાસ્ટવુડનું લોન્ચીંગ



અમદાવાદ, તા. ૪

મે. ડોલ પ્લાસ્ટ મશીનરી ઈન્ક. દ્વારા તાજેતરમાં તેમની નવીન અને ઈકા ફ્રેન્ડલી પ્રોડક્ટ-પ્લાસ્ટવુડનું સફળતાપૂર્વક તેમના રકનપુર ખાતેના પ્લાન્ટમાં લોન્ચીંગ કરાયું હતું. શ્રી કૌશિકભાઈ પટેલ (૨૦ મુદ્દાના અમલીકરણ કાર્યક્રમના અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય) આ સમારંભના મુખ્ય મહેમાન રહ્યા હતા. શ્રી વાડીભાઈ પટેલ - ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષે આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં ખુબ મોટી સંખ્યામાં મોટા ઉદ્યોગપતિઓ, અમ્યુકોના અધિકારીઓ, જીપીસીબી, પ્રેસમિડીયાના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત વિશ્વભરના ૪૦ દેશોમાંથી ૭૦ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન દિપપ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરાયું હતું અને પ્રોડક્ટ અને લોગોની અનાવરણ વિધિ કરાઈ હતી.

શ્રી કૌશિકભાઈ પટેલે તેમના ઉદ્‌ઘાટન પ્રવચનમાં શ્રી અનુપ પટેલને આ શોધ તથા પ્રોડક્ટ્સ બનાવવા માટે તેમની ભારે જહેમત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે દરેક તબક્કે રિસાયકલીંગ ઉપર ભાર મુક્યો હતો. તેમણે આ પ્રોડક્ટ્સના સમાજઉપયોગી લાભોનું પુનરોચ્ચારણ કર્યું હતું. આ ટેકનોલોજીને ભારત સરકાર દ્વારા મળેલ બે રાષ્ટ્રીય એવોર્ડ અને રોકડ પુરસ્કાર તથા પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા એનાયત થયેલ પ્લાસ્ટીકોન એવોર્ડ (ગોલ્ડ ટ્રોફી) બદલ ગર્વની લાગણી અનુભવી હતી.

શ્રી વાડીભાઈ પટેલે શ્રી અમૃત પટેલ અને શ્રી અનુપ પટેલને તેમની પ્લાસ્ટવુડ પ્રોડક્ટ્સની શોધ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓ આ પ્રોડક્ટના ગુણધર્મો અને ઉપયોગોથી પ્રભાવિત થયા હતા. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ આ પ્રોડક્ટસને સામાન્ય જનસમુદાય સુધી પ્રોત્સાહન આપવા પુરેપુરા પ્રયત્ન કરશે તેવી ખાત્રી આપી હતી. અંતમાં શ્રી ફેનિલ પટેલે આભારવિધિ કરી હતી.

## ગોકુળ સોસાયટી સે. ૮નાં હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૮-બી ખાતે આવેલી ગોકુળ સોસાયટીના સભ્યોની તાજેતરમાં વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૧૨-૧૩ના હોદ્દેદારોમાં જયદિપસિંહ ઠાકોરની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. તથા ઉપપ્રમુખ તરીકે નિમિષભાઈ વ્યાસ, મંત્રી તરીકે ઉદયભાઈ ધોળકીયા, સહમંત્રી તરીકે યુવરાજસિંહ ઝાલા, ખજાનચી તરીકે દક્ષેશભાઈ પટેલ અને કારોબારી સભ્યોમાં ૧૦ અને આમંત્રિત સભ્યોમાં ૫ સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે.

## સાણંદમાં ટ્રકે વૃદ્ધને કચડી માર્યા : પથ્થરમારો કરાયો

અમદાવાદ, તા.૪

સાણંદના મુક્તિધામ સામે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી ટ્રકે વૃદ્ધને કચડી મારતા ઉશ્કેરાયેલા લોકોએ ટ્રકની તોડફોડ કરી પથ્થરમારો કર્યો હતો. સાણંદના ખોડીયારનગર સોસાયીના મકાનનંબર ૫૬માં કાંતીભાઇ ભાઈલાલભાઇ ઠક્કર પોતાના પરિવાર સાથે રહે છે. આજે સવારે કાંતીભાઈ પોતાના પિતા ભાઈલાલભાઈને મોટરસાયકલ પર બેસાડી સાણંદ મુક્તિધામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. દરમ્યાનમાં પુરપાટ ઝડપે આવેલી ટ્રકે ટક્કર મારતા ભાઈલાલ ભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાને પગલે આસપાસના લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. દરમ્યાનમાં ઉશ્કેરાયેલા લોકોએ ટ્રકની તોડફોડ શરુ કરી પથ્થરમારો કર્યો હતો.


## અમદાવાદમાં નારાયણ હોસ્પિટલના પ્રારંભ સાથે ગુજરાતમાં ઉચ્ચ તબીબી સારવારનો નવો યુગ શરૂ

વિશ્વ વિખ્યાત કાડિયાર્ક સર્જન અને નારાયણ હૃદયાલય હોસ્પિટલને સપ્તાહમાં મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે. અત્યાધુનિક નારાયણ હૃદયાલય હોસ્પિટલની તૈયારીઓ ચકાસવા માટે શહેરની મુલાકાતે આવ્યા હતા. ડૉ. શેટ્ટીએ કહ્યું હતું કે નારાયણ હૃદયાલયમાં અમારો એ સતત પ્રયાસ રહે છે કે સમાજના તમામ વર્ગના લોકોને પરવડે તેવા દરે શ્રેષ્ઠ તબીબની સારવાર ઉપલબ્ધ કરાવી નારાયણ હૃદયાલય હોસ્પિટલ ઉચ્ચ સ્તરની ગુણવત્તા પૂર્ણ સારવાર ઉપલબ્ધ કરાવી સૌને માટે શુલભ પરવડે તેવી બનાવીને આરોગ્ય ક્ષેત્રમાં નવો યુગ લાવી રહી છે. અમદાવાદની આ મોટી હોસ્પિટલ આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે મક્કમપણે કદમ મીલાવશે. તાલુકામાં પથરાયેલ હોસ્પિટલ ૩૦૦ બેડની ક્ષમતા રહેશે. ૩૬ એકર જમીનમાં રખાતાં દર્દીઓને અસાધારણ તબીબી સુવિધાઓ સારવાર આપવા માટે સંપૂર્ણ સજ્જ છે. અત્યારે ૬ રાજ્યોમાં ૧૧ હોસ્પિટલ સાથે સર્વોત્તમ તબીબી ધોરણે ઉભી રહી છે. અને આ યાત્રા હવે અમદાવાદ આવી પહોંચી છે. આયોજન બીજા તબક્કામાં પ્રોજેટ ૧૦૦ બેડના ક્ષમતા તેમજ એક મેડીકલ કોલેજનું આયોજન છે. કુલ ચાર તબક્કામાં ૫૦૦૦ બેડની ક્ષમતા થાય છે. આ હોસ્પિટલ મલ્ટી પેશિયાલીટી અત્યંત આધુનિક ગુણવત્તાપૂર્ણ કાર્ડિયાક ન્યુરો કેન્સર અને નેડા ઓર્થોપેડિક ઉપલબ્ધ કરાવીને ગુજરાતમાં ઉચ્ચત્તમ તબીબ સારવારની એક નવો યુગ આરંભ કરશે.

## માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભા

માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની ૨૩મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં શ્રી હરિભાઇ ચૌધરીના મુખ્ય મહેમાન પદે તથા શ્રી ફુલજીભાઇ ચૌધરીના પ્રમુખપદે, શ્રી બી. કે. વ્યાસ અતિથિવિશેષ તરીકે યોજાઇ હતી. આ પ્રસંગે ૨૧૫ જેટલા વ્યસ્કોનું સન્માન કરવામાં આવ્યુંહતું. સ્વાગત પ્રવચન શ્રી રાયમલભાઇ દેસાઇએ કર્યુંહતું. શ્રી અંબાલાલ પટેલે મહેમાનોનો પરિચય આપ્યો હતો. શ્રી બાબુલાલ પંચાલે આભાર વિધિ કરેલ હતી.

## શબ્દાવલી - ૪૬૮૯



| આડી ચાવી | |
|---|---|
| ૧. | પસીનો, આખા શરીરમાંથી પાણી છુટે તે (૪) |
| ૨. | અવનતિ, ખરાબગતિ (૩) |
| ૬. | ખરગોશ, એક ચોપગુ પ્રાણી (૩) |
| ૭. | લંબાઈ, એક માપ (૨) |
| ૮. | તકરાર (૪) |
| ૧૦. | બોલથી રમાતી એક રમત (૪) |
| ૧૩. | ચરણના નિશાન (૩) |
| ૧૫. | એક સરીસૃપ સાપના કણા જેવું (૩) |
| ૧૬. | આદત (૨) |
| ૧૭. | ચોખાના ઝીણા કટકા (૩) |
| ૧૮. | ગરજ, જરૂર (૨) |
| ૨૦. | માટે, એટલે (૩) |
| ૨૧. | સહન કરવું (૪) |
| ૨૨. | અરજન્ટ, તુર્ત (૩) |

| ઊભી ચાવી | |
|---|---|
| ૧. | પશ્ચાતાપ (૪) |
| ૨. | પ્રવાહી ફલોનું જ્યુસ (૨) |
| ૩. | બનારસની સાડીનો પ્રકાર (૨) |
| ૪. | પગલાનો અવાજ (૨) |
| ૫. | ...... બોલ્ટ, ચાકી (૨) |
| ૭. | હુન્નર, કસબ (૨) |
| ૮. | વાચાળ (૩) |
| ૯. | કાયદેસર (૩) |
| ૧૧. | આંગણા કે જમીન પર છાણ-માટીનો લેપ કરે તે (૩) |
| ૧૨. | બોડી, વિધવા (તુચ્છકારમાં) (૩) |
| ૧૪. | એકબીજાને લાતોના પ્રહાર કરવા (૫) |
| ૧૭. | એક વૃક્ષ (૩) |
| ૧૮. | પત્ર, કાગળ (૨) |
| ૧૯. | પાછું, કમ બેક (૩) |
| ૨૦. | ખોરાક લેવો, ઈટવું (૨) |

### શબ્દાવલી ૪૬૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખટરાગ (૪) દફન (૬) ટચ (૭) ગલીયારી (૮) લોકી (૯) યાન (૧૧) ચૂંગી (૧૩) દખ (૧૫) કબીર (૧૬) ડગળી (૧૮) દીવાકર (૨૧) પરાયુ (૨૨) જસ (૨૩) સગપણ (૨૪) બથ

**ઊભી ચાવી :-** (૧) ખટલો (૨) ટચકીયું (૩) ગગનચુંબી (૪) દયા (૫) ફરીયાદ (૧૦) નખપાર (૧૨) ગીરદી (૧૪) કડપ (૧૫) કળીયુગ (૧૭) ગરાસ (૧૯) વાજ (૨૦) કસબ

## રાજ્યમાં નાગરીકો સલામત નથી : રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૧૬,૦૬૪ બાળકો મુખ્ય શહેરોમાંથી ગુમ થયાં છે

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળી ગયેલી પરિસ્થિતિ અંગે રાજ્ય સરકાર અને ગૃહ વિભાગની આકરી ઝાટકણી કાઢતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે રાજ્યમાં સમગ્ર પોલીસ તંત્રનો રાજકીય દુરૂપયોગ કરીને મુખ્યમંત્રીશ્રીના રાજકીય કાર્યક્રમોમાં રોકી રખાય છે એટલે છેલ્લાં ગણા સમયથી ગુનેગારોને મોકળું મેદાન મળી રહ્યું છે. રાજ્યમાં ખૂન, લુંટ, ધાડ, ઘરફોડ અને ચોરીના બનાવોએ સામાન્ય બાબત બની ગઈ છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં ૫,૫૬૧ ખુન થયાં છે અને ૨,૩૮૯ વ્યક્તિઓ પર ખૂનના જીવલેણ હૂમલાઓ થયા છે.આ તો પોલીસ ચોપડે નોંધાયેલી ફરીયાદના છે જ્યારે અનેક કિસ્સાઓમાં પોલીસ દ્વારા ફરીયાદ લેવામાં આવતી નથી.

રાજ્યમાં મંદિરના નામે મત માંગી સત્તામાં આવનાર ભાજપના શાસનમાં ગુજરાતમાં મંદિરો, આશ્રમો, દેરાસરો, સાધુ-સંતો અને મહંતો સલામત નથી તે અંગે બનેલા બનાવોની વિગતો આપતાં શ્રી મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના શાસનમાં મંદિરોમાં ૧,૩૦૧ ચોરીના બનાવો, ૧૦૩ લૂંટના બનાવો બન્યા છે તે અન્વયે ૮૨૩ ચોરીના બનાવો વણઉકેલ્યા છે. પુજારી/મહંત/સાધુ ઉપર જીવલેણ હુમલાના ૬૮ બનાવો, ૪૦ ખૂનના બનાવો બન્યા છે, જેપૈકી હુમલાના ૫૨ (બાવન) બનાવો વણઉકેલ્યા છે. આ બાબત દર્શાવે છે કે રાજ્ય સરકાર મંદિર અને ધર્મના નામે મત મેળવવા માટે જેટલી સક્રિય હોય છે તેટલી મંદિરો, પુજારીઓને સલામતી આપવામાં નિષ્ફળ નિવડી છે.

શ્રી મોઢવાડીયાએ જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લાં ઘણા સમયથી બહેનોના અછોડા તોડવાના રોજના બનાવો બને છે. સાથોસાથ સિનીયર સિટીઝનો ઉપર હુમલાના અને લૂંટના બનાવો બની રહ્યા છે. રાજકોટમાં પોલીસ કમિશનરશ્રીની કચેરી સામે જ આવેલ બેંકમાં છેલ્લાં થોડા સમયમાં ચાર વખત લુંટ થઈ છે. મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તાર મણીનગરમાં પોલીસ સ્ટેશનની સામે એક દિવસમાં સાત દુકાનોના તાળાં તોડી અને મોટા પાયે લૂંટ ચલાવવામાં આવે છે. રાજ્યમાં આવેલ વિવિધ બેંકોના એટીએમમાં ચોરી અને અમુક કિસ્સામાં એટીએમ મશીન ઉઠાવી જવાની ઘટનાઓ બને છે. જેનાથી પોલીસ તંત્રનું અસ્તિત્વ જ ન હોય તેવો પડકાર ચોર-લૂંટારાઓ ફેંકી રહ્યાં છે.

રાજ્યમાં નાગરીકો સલામત નથી અને ખાસ કરીને જે રીતે બાળકો ગુમ થઈ રહ્યા છે અને લાંબો સમય થવા છતાં ગુમ થયેલ બાળકોને શોંધવામાં પોલીસ તંત્ર પાંગળુંનિવડ્યું છે. તેની વિગતો આપતાં જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૬,૦૬૪ બાળકો મુખ્ય શહેરોમાંથી ગુમ થયાં છે. માલધારીને પોતાના ગાય-ભેંસ કે વાછરડાંઓના ટોળામાંથી એકાદ વાછરડું ગુમ થાય તો રાત્રે માલધારીને રાત્રે ઉંઘ આવતી નથી. જ્યારે ગુજરાતમાં હજારો બાળકો ગુમ થાય છે છતાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ઉત્સવો, મેળાઓ અને સદ્‌ભાવનાનાં નાટકો કરી રહ્યા છે. રાજ્યના ૨૬ જિલ્લાઓમાંથી મોટાપાયે બાળકો ગુમ થવાના બનાવો રોજ બની રહ્યા છે. પ્રજા સલામતીની ગુલબાંગ ફેકતી રાજ્ય સરકારમાં કાયદો-વ્યવસ્થાના મુદ્દે સંપૂર્ણ નિષ્ફળ નિવડી છે.

## વિધાનસભાની ચૂંટણીઓ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જગ્યાએ ફરજો બજાવતા અધિકારીઓની વિગતો પણ મોકલી આપવા માટે જણાવવામાં આવ્યું છે.

આ બેઠકમાં પંચ દ્વારા ચૂંટણીના કાયદાઓ ખાસ કરીને આદર્શ આચારસંહિતાના અમલીકરણને લઈ કરાયેલા સુધારાઓના સંદર્ભમાં કેટલા કર્મચારીઓની જરૂરિયાત રહેશે તેનો પણ વિગતે અહેવાલ આપવા જણાવવામાં આવ્યું છે. ખર્ચ નિયંત્રણ અને આચાર સંહિતાના અમલીકરણ માટે જુદી જુદી સમિતિઓ અને ટીમો બનાવવાની થશે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે પંચ દ્વારા કવાયત આરંભી દેવામાં આવતાં તંત્ર પણ હવે સતર્ક થઈ જવા પામ્યું છે. આ વખતે મતદાનના બે દિવસ પૂર્વે તમામ વિધાનસભા મત વિસ્તારમાં વોટર સ્લીપનું વિતરણ પણ કરવામાં આવશે તેમજ મતદાર જાગૃતિ અભિયાનના વિવિધ કાર્યક્રમોને લઈ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

## આખો બગીચો માગે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિણામ છે. કોઈ તમારો મિત્ર નથી ને કોઈ તમારો શત્રુ નથી. તમારો આત્મા એ જ તમારો મિત્ર છે અને તમારો આત્મા એ જ તમારો શત્રુ છે. તમે સ્વર્ગ અથવા નર્કમાં જાઓ છો તો એના માટે બીજું કોઈ જવાબદાર નથી, તમે સ્વયં જવાબદાર છો. જગત તો માત્ર નિમિત્ત છે.

માણસનું અભિમાન માણસમાં વ્યથાઓ પેદા કરે છે. મરિચિનું અભિમાન તેમને ૨૭ ભવ સુધી નડ્યું હતું, તેથી ધર્મની શરૂઆત નમ્રતાથી કરો, અભિમાન ન કરો.

કર્મ બાંધતા પહેલાં જાગ્રત રહો. કારણ કે કર્મ બંધાઈ ગયા પછી બાજી તમારા હાથમાં રહેતી નથી, કર્મના હાથમાં ચાલી જાય છે. કરેલાં કર્મો કોઈને છોડતાં નથી. ભગવાન હોય, ચક્રવર્તી હોય, વાસુદેવ હોય કે હું અને તમે - જે કોઈ કર્મ બાંધે તેણે તેનાં ફળ ભોગવવાં તો પડે જ. જીવનમાં કષ્ટો તો છે જ અને રહેવાનાં છે, તેનાથી વ્યથિત ન થવું જોઈએ, સમતા રાખવી જોઈએ. જે શીખે - ચાલશે, ભાવશે ને ફાવશે, એને જ સુખ આવશે. સત્ત્વ, તેજ અને ગંભીરતા. મહાવીરનાં આ ત્રણ ગુણોને આત્મસાત કરી શકીએ તો આપણું જીવન સફળ થઈ જાય.

## એસ્સાર ઓઈલ દ્વારા સુપ્રિમ કોર્ટમાં સમીક્ષા ઈચ્છતી સમીક્ષા અરજી દાખલ કરાઈ

એસ્સાર ઓઈલને એવી માહિતી આપવામાં આવી છે કે ભારતની સર્વોચ્ચ અદાલતે વેચાણ વેરાની વિલંબીત ચૂકવણીના સંદર્ભમાં કંપનીએ કરેલી સમીક્ષા અરજીને નામંજૂર કરી છે. આ હુકમથી કંપનીના બિઝનેસને કોઈ નવી અસર થશે નહીં. એસ્સાર ઓઈલે સુપ્રિમ કોર્ટના તા.૧૭ જાન્યુઆરી, ૨૦૧૨ના હુકમ બાબતે સમીક્ષા ઈચ્છતી સમીક્ષા અરજી કરી હતી.

અગાઉ જણાવવામાં આવ્યું છે તે મુજબ : "એસ્સાર ઓઈલે તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૧ના રોજ પૂરા થતા ત્રિમાસિક હિસાબોમાં આ જવાબદારી ગણતરીમાં લીધી છે. "એસ્સાર ઓઈલ વેચાણવેરાની જવાબદારીની પુનઃચૂકવણી અંગેની શરતોને આખરી ઓપ આપવા માટે ગુજરાત સરકાર સાથે પરામર્શ કરી રહી છે.

સમાંતરપણે, ગુજરાત સરકાર સાથે આખરી નિર્ણય લેવાય તે મુજબ કંપની પુનઃચૂકવણીની જવાબદારીને પહોંચી વળવા બેંકો સાથે પણ પરામર્શ કરી રહી છે.

એસ્સાર ઓઈલ અંગેઃ એસ્સાર ઓઈલ એ આંતરરાષ્ટ્રિય સ્તરની સંપૂર્ણ સુસંકલિત ઓઈલ અને ગેસ રિફાઈનરી છે. ઓક્સપ્લોરેશનથી માંડીને પ્રોડકશન અને રિફાઈનિંગની હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં મજબૂત હાજરી ધરાવે છે. તે ઓનશોર અને ઓફશોર ઓઈલ એન્ડ ગેસ બ્લોક્સમાં અનામતો અને સંસાધનોનો અંદાજે ૨.૧ અબજ બેરલ ઓઈલની સમકક્ષ પોર્ટફોલિયો ધરાવે છે. એસ્સાર ઓઈલ ૩,૦૦,૦૦૦ બીપીએસડી (બેરલ પર સ્ટ્રીમ-ડે)ની ક્રૂડ રિફાઈનરીની ક્ષમતા ધરાવે છે, જે વિસ્તારીને દૈનિક ૪,૦૫,૦૦૦ બીપીએસડી કરાશે. એસ્સારના ૧૬૦૦ થી વધુ બ્રાન્ડેડ ઓઈલ રિટેઈલ આઉટલેટસ ભારતના વિવિધ ભાગોમાં આવેલા છે.

એસ્સાર જૂથ અંગે : એસ્સાર જૂથ એ સ્ટીલ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસીસ જેવા ક્ષેત્રોમાં મોખરાની કામગીરી ધરાવતું બહુરાષ્ટ્રિય ઉદ્યોગ જૂથ છે. તે પાંચ ખંડના ૨૫ થી વધુ દેશોમાં ૭૫૦૦૦ થી વધુ લોકોને રોજગારી આપે છે અને ૧૭ અબજ યુએસ ડોલરની આવકો ધરાવે છે.

## શ્રૃતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

સ્વીટ રેઈન :

'સામસામે આવી જોયું જોઈએ.
જાતને અટકવી જોવું જોઈએ.
હું તને ચાહું ને તું ચાહે મને,
દિલ હવે બદલાવી જોવું જોઈએ.'

પરસ્પરની અપેક્ષાઓ છોડીને પરસ્પરના વર્તનમાં પ્રેમ શોધીએ. આ ઘટના સ્વાર્થ રહિત ઘટતી રહે તો શાંતિ કયાંય છેટી નથી...!

## સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

ચાલો! આજે પવનની આંગળી પકડીને વૃક્ષો સાથે વાતો કરતાં કરતાં ટહેલીએ, રીસામણાંને માળીએ મૂકી મનામણાની પહેલ કરીએ, ચાલો! પ્રત્યેકની પાસે સખીપણાની ટહેલ કરીએ, કુદરત કોઇ દુઃખદ આશ્ચર્યની ભેટ ધરે તે પહેલાં ચાલો! સુખદ આશ્ચર્યોની હારમાળા તેના ચરણે સમર્પિત કરીએ -

''સમજણને દઈએ મોટું માદળીયું પહેરાવી,
બાધાને પણ બાધ ન આવે શ્રીફળ શ્રીફળ રમીએ.''

- (સુરેશ દલાલ)